વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ
પ્રાથમિક શિક્ષકના બદલીના નિયમો.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૮/૨૦૨૪

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તારીખ:૧૧-૦૫-૨૦૨૩નો સમાન ક્રમાંકનો ઠરાવ
(૨) શિક્ષણ વિભાગનો તારીખ:૦૫-૦૭-૨૦૨૩નો સમાન ક્રમાંકનો સુધારા ઠરાવ
(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તા.૦૧-૧૧-૨૦૨૩ના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩/૭૭૩૨ થી કરેલ દરખાસ્ત.

**સુધારા ઠરાવ :**

શિક્ષણ વિભાગના તારીખ:૧૧-૦૫-૨૦૨૩ના વંચાણે લીધા ક્રમાંક-(૧)ના ઠરાવથી વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના બદલીના નિયમો બહાર પાડવામાં આવેલ છે.

ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક –(૨)ના પત્રથી આ વિભાગના તા.૧૧-૦૫-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)માં જરૂરી સુધારા કરવા બાબતે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક –(૧) ના ઠરાવની નીચે કોષ્ટકમાં દર્શાવેલ જોગવાઇઓમાં નીચે મુજબ સુધારો/ઉમેરો કરવામાં આવે છે.

| ક્રમ | ઠરાવનું પ્રકરણ અને જોગવાઇનો ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ/નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | પ્રકરણ-H (અ)(૪) | વધ-ઘટ બદલી માટે વધ નકકી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/ વિષયની જ સ્પષ્ટ વધ નકકી કરવાની રહેશે અને જે તે વિભાગ/ વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની | વધ-ઘટ બદલી માટે વધ નકકી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/ વિષયની જ સ્પષ્ટ વધ નકકી કરવાની રહેશે અને જે તે વિભાગ/ વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની |

| | | | |
|---|---|---|---|
| | | રહેશે.<br>વધ ઘટ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ તથા જિલ્લા આંતરીક બદલી કેમ્પ સહિત કુલ ૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/શિક્ષકને પોતાના વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યારબાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. | રહેશે.<br>વધ ઘટ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ, વધ પરત કેમ્પ તથા જિલ્લા આંતરિક બદલી કેમ્પ સહિત કુલ ૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/શિક્ષકને પોતાના વિભાગ /વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યાર બાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. |
| ૨ | **પ્રકરણ H વિભાગ-(બ)** | **સંખ્યાધિક શિક્ષકો તથા જિલ્લા બહાર વધમાં ગયેલા શિક્ષકોને સમાવવાનો માત્ર વધ પરત કેમ્પ** | **સંખ્યાધિક શિક્ષકો તથા જિલ્લા બહાર/ જિલ્લામાં વધમાં ગયેલા શિક્ષકોને સમાવવાનો માત્ર વધ પરત કેમ્પ** |
| | (૧) | બીજા સત્રના અંતે નિવૃત્તિથી કે કોઈપણ કારણોસર ખાલી જગ્યાઓ પર નિયામકશ્રી(પ્રાથમિક શિક્ષણ) સૂચના આપે ત્યારે વધપરત કેમ્પ કરવાના રહેશે.<br><br>**સંખ્યાધિક** તરીકે જે શિક્ષકોના હુકમો કરવામાં આવેલ હોય તથા જિલ્લામાં જગ્યા ન હોવાના કારણે અન્ય જિલ્લામાં જે શિક્ષકોને સમાવ્યા હોય તેવા શિક્ષકોને જ આ વધ પરત કેમ્પનો લાભ મળવાપાત્ર થશે. | જે શૈક્ષણિક સત્રમાં વધ-ઘટના કેમ્પ થાય તે સત્રાંતે નિવૃત્તિ/વયનિવૃત્તિથી **કે કોઇપણ કારણોસર ખાલી પડેલ જગ્યા પર** પહેલાં વધ પરતનો કેમ્પ કરવાનો રહેશે. જેમાં નીચે મુજબના શિક્ષકો વધ પરતનો લાભ લઇ શકશે.<br>૧.વધ તરીકે **જિલ્લા** બહાર ગયેલા શિક્ષકો<br>૨.વધ તરીકે તાલુકા બહાર ગયેલા શિક્ષકો<br>૩.વિભાગ/વિષય સંખ્યાધિક તરીકે **અન્ય વિભાગ/વિષયમાં** સમાવેશ કરેલા શિક્ષકો |

| | | | |
|---|---|---|---|
| | | | ૪.વધ તરીકે શાળા બહાર ગયેલા શિક્ષકો<br>ક્રમ નંબર ૧,૨ અને ૩ ના કિસ્સામાં જો શૈક્ષણિક સત્રાંતે નિવૃત્તિ/ વયનિવૃત્તિ કે અન્ય રીતે ખાલી જગ્યાઓની સ્થિતિએ તેઓને પ્રથમ મૂળશાળા, પે-સેન્ટર પૈકીની શાળા ત્યારબાદ તાલુકાની અન્ય ખાલી જગ્યાવાળી શાળાની માંગણી થયેથી આપવાની રહેશે.<br>ક્રમ-૪ ના કિસ્સામાં માત્ર તેઓની મૂળ શાળામાં *અગર તો* મૂળ શાળાની પગાર કેન્દ્રમાં સમાવિષ્ટ શાળાઓમાં જગ્યા ખાલી પડેલ હોય તો વધ પરતનો લાભ આપવાનો રહેશે.<br>જે શિક્ષકોની મૂળ શાળામાં જગ્યા ન હોય અને પે સેન્ટર પૈકીની શાળા અગરતો તાલુકાની અન્ય શાળામાં વધ પરતનો લાભ લેવાની ફરજ પડેલ હોય તેઓની ભવિષ્યમાં મૂળ શાળામાં ખાલી જગ્યા ઉપલબ્ધ થાય તો લાભ મળવાપાત્ર રહેશે.<br>**અપવાદ** : જિલ્લા ઓનલાઇન આંતરિક બદલી માટે આવા વધ પરત થયેલ શિક્ષકોની સિનિયોરીટી ગણતી વખતે તેઓને વધ થયા પછી આંતરિક ઓનલાઇન બદલીનો લાભ લીધેલ ન હોય તો પ્રથમ વખત જે શાળામાંથી વધ થયા હતા તે શાળામાં દાખલ થવા કરાયેલ હુકમની તારીખથી તેઓની સિનિયોરીટી ગણવાની રહેશે.<br>જે શિક્ષકો આ પ્રકારના વધ પરત |

| | | | |
|---|---|---|---|
| | | | કેમ્પનો મૂળ શાળામાં જગ્યા ખાલી ન હોવાથી લાભ લેવા માંગતા ન હોય અને આગામી વધ ઘટ કેમ્પ કે જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં મૂળ શાળાનો લાભ લેવા માંગતા હોય તેઓને વધ ઘટ બદલી કેમ્પના હુકમ પછીના વધ ઘટ કેમ્પ, વધ પરત કેમ્પ અને જિલ્લા આંતરિક બદલી કેમ્પ સહિત કુલ પાંચ (૫) કેમ્પ સુધી લાભ આપી શકાશે. |
| | (૨) | સંખ્યાધિક/જિલ્લા બહાર ગયેલ વધ વિદ્યાસહાયક/શિક્ષક તેઓની શાળામાં વધ ન હોય અને જિલ્લા પરતની માંગણી કરે તો મૂળ જિલ્લા પરતનો લાભ આપવાનો રહેશે. વિદ્યાસહાયક/ શિક્ષકને તેઓની વધ થયેલ શાળામાં હાજર થવા માટેના કરેલ હુકમની તારીખને આધારે મૂળ તાલુકા/ જિલ્લામાં વધ પરતનો લાભ આપવાનો રહેશે. આ અંગેનુ કાયમી રજિસ્ટર તાલુકા/જિલ્લા કક્ષાએ નિભાવવાનુ રહેશે. જેનો નમૂનો પરિશિષ્ટમાં સામેલ છે.<br><br>વધ પરત કરતી વખતે વિદ્યાસહાયક /શિક્ષક જે શાળામાંથી જે તે વિભાગ/ વિષયની વધ થયેલ હોય તે પૈકી પ્રથમ તેની મૂળ શાળા ત્યારબાદ શાળાના પગાર કેન્દ્રની તે જ વિભાગ/વિષયની ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યા હોય તેવી જગ્યા વાળી શાળામાં સમાવવાના રહેશે. | સંખ્યાધિક/જિલ્લા બહાર ગયેલ વધ વિદ્યાસહાયક/શિક્ષક તેઓની શાળામાં વધ ન હોય અને જિલ્લા પરતની માંગણી કરે તો મૂળ જિલ્લા પરતનો લાભ આપવાનો રહેશે. વિદ્યાસહાયક/ શિક્ષકને તેઓની વધ થયેલ શાળામાં હાજર થવા માટેના કરેલ હુકમની તારીખને આધારે મૂળ તાલુકા/ જિલ્લામા વધ પરતનો લાભ આપવાનો રહેશે. આ અંગેનુ કાયમી ‘રજિસ્ટર’ તાલુકા/જિલ્લા કક્ષાએ નિભાવવાનુ રહેશે. જેનો નમૂનો ‘પરિશિષ્ટ’માં સામેલ છે.<br><br>વધ પરત કરતી વખતે વિદ્યાસહાયક /શિક્ષક જે શાળામાંથી જે તે વિભાગ/ વિષયની વધ થયેલ હોય તે પૈકી પ્રથમ તેની મૂળ શાળા ત્યારબાદ તે શાળાના પગાર કેન્દ્રની તે જ વિભાગ/વિષયની ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યા હોય તેવી જગ્યા વાળી શાળામાં સમાવવાના રહેશે. પગારકેન્દ્ર |

| | | | |
|---|---|---|---|
| | | પગારકેન્દ્રમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તો જે તે જ તાલુકાની તે જ વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવવાના રહેશે અને તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો જિલ્લાના તમામ તાલુકામાં સમાવવાના રહેશે. | માં સમાવિષ્ટ શાળાઓમાં જગ્યા ઉપલબ્ધ ન હોય તો તે જ તાલુકાની તે જ વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવવાના રહેશે અને તાલુકામાં પણ જગ્યા ખાલી ન હોય તો તે જિલ્લાના તાલુકાઓ પૈકી વિદ્યાસહાયક/ શિક્ષકની પસંદગી મુજબના તાલુકામાં સમાવવાનો રહેશે. |
| ૩ | પ્રકરણ K (૧) બ | નવી જોગવાઇ | વધ ઘટ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ, વધ પરત કેમ્પ તથા જિલ્લા આંતરિક માગણી બદલી કેમ્પ સહિત કુલ ૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/શિક્ષકને જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં પોતાના વિભાગ/વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે.<br><br>જે શિક્ષકોની મૂળ શાળામાં જગ્યા ન હોય અને તે તાલુકાની પગાર કેન્દ્ર શાળા કે તાલુકાની અન્ય શાળામાં વધ પરતનો લાભ લેવાની ફરજ પડેલ હોય તો જિલ્લા આંતરિક માંગણી બદલીમાં પણ મૂળ શાળાઓનો લાભ મળવાપાત્ર રહેશે. |
| ૪ | પ્રકરણ-M (૬) જિલ્લાફેર એકતરફી ઓનલાઇન | જે વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લાફેર એકતરફી બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબસાઇટ/વેબપોર્ટલ પર માંગેલ વિગતો ભરી ઓનલાઇન અરજી સબમિટ કરવાની રહેશે. | જે વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લાફેર એકતરફી બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબસાઇટ/વેબપોર્ટલ પર માંગેલ વિગતો ભરી ઓનલાઇન અરજી સબમિટ કરવાની રહેશે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | બદલી | વિદ્યાસહાયક/શિક્ષક જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલી કેમ્પ બે ભાગમાં કરવાનો રહેશે.<br>જેમાં પ્રથમ ભાગમાં વિદ્યાસહાયક/ શિક્ષકએ જિલ્લાની પસંદગી કરવાની રહેશે. જિલ્લા પસંદગી દરમિયાન દર્શાવેલ તમામ જિલ્લામાંથી વધુમાં વધુ કોઇ પણ ત્રણ જિલ્લા અગ્રિમતાના ધોરણે પસંદ કરવાના રહેશે. અને બીજા ભાગમાં પસંદ કરેલ જિલ્લાની શાળાઓ અગ્રિમતાના ધોરણે પસંદગી કરવાની રહેશે. જો કોઇ વિદ્યાસહાયક/શિક્ષક પ્રથમ ભાગમાં જિલ્લા પસંદ કર્યા બાદ બીજા ભાગમાં પસંદ કરેલ જિલ્લાની એક પણ શાળા પસંદ નહિ કરે તો તેની અરજી જે તે વર્ષ માટે રદ ગણાશે.<br>પ્રથમ રાઉન્ડના અંતે બાકી રહેલ ખાલી જગ્યા તથા પ્રથમ રાઉન્ડમાં બદલી થવાના કારણે ખાલી પડેલ જગ્યાઓની યોગ્ય ચકાસણી કરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જનરલ રાઉન્ડ માટે ઓનલાઇન ખાલી જગ્યાઓ અપલોડ કરવાની રહેશે. સામાન્ય તબકકા (General Round)માં પણ પ્રથમ તબકકા(First Round) ની જેમ પ્રક્રિયા અનુસરવાની રહેશે. પરંતુ પ્રથમ તબકકા(First Round) માં જેઓની અરજી રદ કરવામાં આવેલ છે. તે સામાન્ય તબકકા (General Round)માં ભાગ લઇ શકશે નહિ. | વિદ્યાસહાયક/ શિક્ષક જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલી કેમ્પ બે ભાગમાં કરવાનો રહેશે.<br>જેમાં જિલ્લાફેર બદલીથી ઓનલાઇન અરજી કરનાર શિક્ષકે પોતાની પસંદગીના કોઇ એક જિલ્લાની પસંદગી કરવાની રહેશે. જે તે જિલ્લામાં પોર્ટલમાં મળેલ તમામ અરજીઓની ૫૦% અગ્રતા અને ૫૦% સિનિયોરીટી મુજબ ઓનલાઇન યાદી જનરેટ કરવાની રહેશે.<br>જે તે જિલ્લામાં આ યાદીમાં સમાયેલ શિક્ષકોએ તે જિલ્લાની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પૈકી પસંદગીની શાળાઓનો ક્રમ આપવાનો રહેશે.<br>શાળા પસંદગી કરતી વખતે દંપતિ અગ્રતાના કિસ્સાવાળા શિક્ષકોએ તેઓના પતિ/પત્ની તે જિલ્લાના જે તાલુકામાં નોકરી કરતા હોય તે શાળાની પ્રથમ પસંદગી કરવાની રહેશે. જે તે તાલુકામાં જગ્યા ઉપલબ્ધ ન હોય અન્ય તાલુકાની જગ્યા પસંદ કરી શકશે.<br>કોઇ શિક્ષકે પ્રથમ તબક્કામાં કોઇ એક જિલ્લો પસંદ કરેલ હોય અને અગ્રતા કે સિનિયોરીટીના આધારે તૈયાર થયેલ યાદી મુજબ તે શિક્ષકોને તે જિલ્લો મળતો ન હોય તો તેવા શિક્ષક સામાન્ય તબક્કામાં તે જિલ્લા માટે પુન: અરજી કરી શકશે.<br>પ્રથમ તબક્કામાં જે શિક્ષકને સ્થળ |

| | | | |
|---|---|---|---|
| | | | ફાળવણી ન થયેલ હોય તેવા શિક્ષકે સામાન્ય તબક્કામાં ભાગ લેવો હોય તો નવેસરથી અરજી કરવાની રહેશે. |
| ૫ | **પ્રકરણ-N(૧) જિલ્લા આંતરિક/ જિલ્લાફેર અરસ-પરસ બદલીઓ** | **અરસપરસ બદલી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની સૂચના થયેથી કેમ્પથી જ કરવાની રહેશે, પરંતુ શિક્ષકની હાજરીની જરૂરિયાત રહેશે નહી. જિલ્લામાં આંતરિક કે જિલ્લાફેર અરસપરસ બદલી ઇચ્છતા વિદ્યાસહાયક/ શિક્ષકો દર વર્ષે તારીખ ૧ માર્ચથી ૩૧ માર્ચ સુધીમાં પોતાની અરજી પોતાના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ૧ થી ૧૦ એપ્રિલ સુધીમાં પોતાની જિલ્લા કચેરીમાં જમા કરાવવાની રહેશે. અરસપરસ બદલી માટે કરેલ અરજી વિદ્યાસહાયક/શિક્ષક રદ કરી શકશે નહિ.** | અરસપરસ બદલી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની સૂચના થયેથી કેમ્પથી જ કરવાની રહેશે, પરંતુ શિક્ષકની હાજરીની જરૂરિયાત રહેશે નહી. **જિલ્લામાં આંતરિક કે જિલ્લાફેર** અરસપરસ બદલી ઇચ્છતા વિદ્યાસહાયક/ શિક્ષકો દર વર્ષે તારીખ ૧ માર્ચથી ૩૧ માર્ચ સુધીમાં પોતાની અરજી પોતાના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે તથા તાલુકા **પ્રાથમિક શિક્ષણાધિકારીએ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા સૂચવેલ સમય પત્રક મુજબ** કાર્યવાહી કરવાની રહેશે. અરસપરસ બદલી માટે કરેલ અરજી વિદ્યાસહાયક/શિક્ષક રદ કરી શકશે નહિ. |
| ૬ | **પ્રકરણ P(૬)** | <u>નવી જોગવાઇ</u> | દરેક માસ દરમિયાન કરવામાં આવેલ **વહીવટી બદલીઓની** આધાર-પુરાવા સહિતની વિગતો તે પછીના તરતના માસની તારીખ ૧ થી ૫ દરમિયાન નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા તે વિગતો શિક્ષણ વિભાગને રજૂ કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ શિક્ષણ વિભાગને યોગ્ય જણાશે તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ વહીવટી બદલીના |

| | | | |
|---|---|---|---|
| | | | હુકમમાં યોગ્ય ફેરફાર કરી શકાશે.<br><br>વહીવટી બદલી રદ કરવામાં આવે/ વહીવટી બદલી હુકમમાં ફેરફાર કરવામાં આવે ત્યારે વિદ્યાસહાયક/શિક્ષકની જે શાળામાંથી વહીવટી બદલી થઇ હોય તે જ શાળામાં ખાલી જગ્યા હોય તો તે શાળામાં પરત મૂકી શકાશે. અને તે શાળામાં ખાલી જગ્યા ન હોય તો તે જ શાળાના પગાર કેન્દ્રની શાળામાં તે વિભાગ/વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાવાળી શાળામાં અને પગાર કેન્દ્રની શાળામાં પણ જગ્યા ખાલી ન હોય તો તે જ તાલુકાની અન્ય શાળામાં તે વિભાગ/વિષય/માધ્યમની ઉપલબ્ધ ખાલી જગ્યાવાળી શાળામાં મૂકી શકાશે. આ અંગે શિક્ષણ વિભાગનો નિર્ણય આખરી ગણાશે. |
| ૭ | પ્રકરણ-૫ રાજ્યકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિ | આ ઠરાવમા બતાવેલ કોઇ પણ પ્રકારની બદલી કે પ્રાથમિક શિક્ષકની સેવા વિષયક બાબતો તથા તેને મળવાપાત્ર લાભ માટેના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરેલ કોઇ પણ હુકમથી વિદ્યાસહાયક /શિક્ષકને નારાજગી હોય તો તે નીચે જણાવેલ પદ્ધતિ અનુસાર રાજ્યકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિને રજૂઆત કરી શકશે.<br><br>વિદ્યાસહાયક/શિક્ષકને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરેલ હુકમની તારીખથી દિન-૩૦ માં તમામ આધાર-પુરાવા સાથે જે હુકમ સામે નારાજગી | આ ઠરાવમા બતાવેલ કોઇ પણ પ્રકારની બદલી માટેના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરેલ હુકમથી વિદ્યાસહાયક/ શિક્ષકને નારાજગી હોય તો તે નીચે જણાવેલ પદ્ધતિ અનુસાર રાજ્યકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિને રજૂઆત કરી શકશે.<br><br>વિદ્યાસહાયક/શિક્ષકને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરેલ હુકમની તારીખથી દિન-૩૦ માં તમામ આધાર-પુરાવા સાથે જે હુકમ સામે નારાજગી |

| | | | |
|---|---|---|---|
| | | હોય તે નારાજગીની સ્પષ્ટ વિગતો શિષ્ટ ભાષામા લેખિત અરજી સ્વરૂપે કરવાની રહેશે. આ અરજી ૩(ત્રણ) નકલમા કરવાની રહેશે. જેની ૨(બે) નકલ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ અને ૧(એક) નકલ સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીને આર.પી.એ.ડી.થી ફરજિયાત મોકલી આપવાની રહેશે.<br>• <u>ફરીયાદ નિવારણ સમિતિ નીચે મુજબના ચાર સભ્યોની રહેશે.</u><br>(૧)નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,અધ્યક્ષ<br>(૨)ઉપસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ,સભ્યશ્રી<br>(૩)નાયબ/સયુંક્ત નિયામકશ્રી(મહેકમ) (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી), સભ્યશ્રી<br>(૪)મદદનીશ નિયામકશ્રી/વહીવટી અધિકારીશ્રી(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી), સભ્ય સચિવશ્રી<br>આ સમિતિની ઓછામાં ઓછા દર ૨(બે) માસે બેઠક મળશે. આ સમિતિએ આવેલ અરજીઓની સુનાવણી કરવાની રહેશે તથા આખરી સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દિન-૪૫ મા નિર્ણય કરી હુકમ કરવાનો રહેશે.<br>• <u>સમિતિની સત્તાઓ :-</u><br>અરજદાર અને સંબંધિત અધિકારીને પોતાની બાબત અને પુરાવા રજૂ | હોય તે નારાજગીની સ્પષ્ટ વિગતો શિષ્ટ ભાષામા લેખિત અરજી સ્વરૂપે કરવાની રહેશે. આ અરજી ૩(ત્રણ) નકલમા કરવાની રહેશે. જેની ૨(બે) નકલ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ અને ૧(એક) નકલ સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીને આર.પી.એ.ડી.થી ફરજિયાત મોકલી આપવાની રહેશે.<br>• <u>ફરીયાદ નિવારણ સમિતિ નીચે મુજબના ચાર સભ્યોની રહેશે.</u><br>(૧)નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, અધ્યક્ષ<br>(૨)ઉપસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ,સભ્યશ્રી<br>(૩)નાયબ/સયુંક્ત નિયામકશ્રી(મહેકમ) (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી), સભ્યશ્રી<br>(૪)મદદનીશ નિયામકશ્રી/વહીવટી અધિકારીશ્રી(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી), સભ્ય સચિવશ્રી<br>આ સમિતિની ઓછામાં ઓછા દર ૨(બે) માસે બેઠક મળશે. આ સમિતિએ આવેલ અરજીઓની સુનાવણી કરવાની રહેશે તથા આખરી સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દિન-૪૫ મા નિર્ણય કરી હુકમ કરવાનો રહેશે.<br>• <u>સમિતિની સત્તાઓ :-</u><br>અરજદાર અને સંબંધિત અધિકારીને પોતાની બાબત અને પુરાવા રજૂ |

| | | | |
|---|---|---|---|
| | | કરવાની તક આપ્યા પછી કેસના ગુણદોષના આધારે નિર્ણય કરી શકશે.<br>(૧)જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીઓના હુકમને યથાવત રાખશે.<br>(૨)અરજદારની રજૂઆત ગ્રાહ્ય ન રાખવાનો આદેશ કરશે.<br>(૩)ઉપલબ્ધ ખાલી જગ્યા પર અરજદારનો હુકમ કરવાનું ફરમાવશે.<br>(૪) અરજદારની રજૂઆતમાં તથ્ય હોય તો નિયમોને આધીન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીઓના હુકમને આંશિક સુધારી શકશે/રદ કરી કરશે.<br>(૫) કેસના ગુણદોષને આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીને જરૂરી સૂચના આપી શકાશે.<br>(૬)કાયદાકીય અને પરિપત્ર/ઠરાવના અર્થઘટનનો પ્રશ્ન થાય ત્યારે વિભાગ ને નિર્ણય અને માર્ગદર્શન માટે મોકલી શકશે. | કરવાની તક આપ્યા પછી કેસના ગુણદોષના આધારે નિર્ણય કરી શકશે.<br>(૧)જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીઓના હુકમને યથાવત રાખશે.<br>(૨)અરજદારની રજૂઆત ગ્રાહ્ય ન રાખવાનો આદેશ કરશે.<br>(૩)ઉપલબ્ધ ખાલી જગ્યા પર અરજદારનો હુકમ કરવાનું ફરમાવશે.<br>(૪) અરજદારની રજૂઆતમાં તથ્ય હોય તો નિયમોને આધીન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીઓના હુકમને આંશિક સુધારી શકશે/રદ કરી કરશે.<br>(૫) કેસના ગુણદોષને આધારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીને જરૂરી સૂચના આપી શકાશે.<br>(૬)કાયદાકીય અને પરિપત્ર/ઠરાવના અર્થઘટનનો પ્રશ્ન થાય ત્યારે વિભાગ ને નિર્ણય અને માર્ગદર્શન માટે મોકલી શકશે. |

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક-(૧) મુજબના આ વિભાગના તા.૧૧-૦૫-૨૦૨૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.ઠાકોર)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકા }
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર ઓન લાઇન મુકવા સારૂં)
- સેકશન અધિકારીશ્રી, ક-૧, ચ અને ન શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૪
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪